જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૨/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૫૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૮૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૮૨/૨૦૨૬**

ક્રાઇમ બ્રાન્ચઃ રિશભ સ/ઓ આદેશકુમાર પાલ (ઉ.વ.૨૬) (રહે. શ્રી બાલાજી એન્કલેવ હંસપુરા નવા નરોડા) એ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે નરોડા ગેલેકસીની બાજુમાં હિલોની બિઝનેશ કોમ્પલેક્ષમાં દુકાન નંબર–૭,૮,૯ ખાતે આર.એસ.એ.લોજીસ્ટીકસ નામની કુરિયરની ઓફિસમાં કામ કરતા વિશાલ કાનજીભાઇ બાવરી (રહે. કેતના ટેનામેન્ટ ઉમા વિદ્યાલય પાસે નરોડા) એ તા.૦૬/૧/૨૦૨૬ થી તા.૨૮/૦૧/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પાર્સલમાંથી એપલ કંપની ૧૭ પ્રો મોબાઇલ, સેમસંગ કંપની S25 Ultra 5G મોબાઇલ તથા એપલ કંપનીની ઘડીયાળ નંગ–૦૨ મળી કુલ કિમત રૂપિયા ૪,૩૫,૯૮૭/– અસલ પ્રોડક્ટ કાઢી લઇ તેની જગ્યાએ ડમી (ડુપ્લીકેટ) મોબાઇલ તથા ઘડીયાળ મુકી અલસ પ્રોડક્ટ મેળવી લઈ કંપની સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.સી.શર્મા ચલાવે છે.

વાસણાઃ અનવરઅહેમદ અબ્દુલવાહીદ મલીક (ઉ.વ.૪૩) (રહે. સાંઇબાબા સોસાયટી ગોલ્ડન કોમ્પલેક્ષ પાછળ વટવા) એ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રાજયશ રાઇઝ સી 101 એકબોન ઇન્ટરનેશનલ એલ.એલ.પી.ખાતેથી અનવરઅહેમદ મલીક એ મોબાઈલ ફોન કરી આરોપી કિશોર રાજેશ પારડે (રહે. ગામ–શિરડ તા–ઓંઢા હિંગોલી મહારાષ્ટ્ર) પાસેથી સુકી હળદરના ઓર્ડર પેટે ઓનલાઇન બેકીંગથી આપેલ કુલ રૂપિયા ૨૨,૬૮,૦૦૦/– પરત નહી આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.ગલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૮૩/૨૦૨૬**

વેજલપુરઃ આશિષ ઈશ્વરભાઇ પટેલ (રહે. રૂદ્ર બંગ્લો રામદેવનગર સેટેલાઇટ) એ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૬ કલાક ૦૭/૩૦ વાગ્યા પહેલા વેજલપુર બુટભવાની મંદિર નજીક એલ.સી.૨૧ ખાતેની સાઇટ ઉપરથી ગડરની સટરીંગની લોખંડની નાની–મોટી પ્લેટ નંગ–૪૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ઠાકોર ચલાવે છે.

એલીસબ્રીજઃ અલ્પેશ માધવલાલ પટેલ (ઉ.વ.૪૮) (રહે. શ્રીફળ એપાર્ટમેન્ટ વંદે માતરમ ક્રોસ રોડ ગોતા) નાઓ તા.૦૪/૦૨/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સી.જી.રોડ સુપર મોલ ખાતેથી ૫ કિલો ચાંદી એક્ટીવાની ડેકીમાં મુકી માણેકચોક ખાતે આપવા માટે એક્ટીવા ચલાવી ગુજરાત દાળવડાની દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ચાલક તેઓની પાસે આવી એક્સીડન્ટ કેમ કરેલ છે તેમ કહી બોલાચાલી કરી હતી. ત્યારબાદ નગરી હોસ્પીટલ પાસે સત્વય સ્પાઇન હોસ્પીટલ સામે પહોચતા એક્સીડન્ટ કેમ કરેલ છે તેમ કહી અલ્પેશભાઈને ઉભા રાખી અલ્પેશ પટેલને તેના મોટર સાયકલ નજીક લઇ જઈ વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા. દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ અન્ય બે પુરૂષ અલ્પેશ પટેલના એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી ૫ કિલો ચાંદી કિમત રૂપિયા ૧૨,૪૮,૨૫૮/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અલ્પેશ પટેલે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૧૮૪/૨૦૨૬**

રાણીપઃ રાજબહાદુર બરસાતીલાલ પાસી (ઉ.વ.૩૯) (રહે. ઘનશ્યામનગર સોસાયટી અંધ કલ્યાણ કેન્દ્ર પાસે રાણીપ) નાઓએ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લઈ જતાં ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

અમરાઈવાડીઃ અમરાઈવાડી હાટકેશ્વર લાલ બંગ્લા આશાદિપનગર ખાતે રહેતા અને છુટક મજુરી કામ કરતા સંતોષભાઈ જયપાલ પીલ્લઈ (ઉ.વ.૪૮) (મુળ વતન. ગામ-વીલુપ્પુરમ, ચેન્નઈ, તમિલનાડું) નાઓએ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિશોરસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી